

# કાવ્યકોડિયા

સુંદરજી ગોકળદાસ બેટાઇ

# સુંદરજી ગોકળદાસ બેટાઇ

જન્મ : 10 ઓગસ્ટ, 1905

બેટ ( દ્વારકા પાસે )

કાવ્યસંગ્રહો :

જ્યોતિરેખા (1934)

ઇન્દ્રધનુ (1939)

વિશેષાંજલિ (1952)

સદ્. ચંદ્રશીલાને (1959)

તુલસીદલ (1961)

વ્યંજના (1969)

અનુવ્યંજના (1974)

શિશિરે વસન્ત (1976)

મિલાપ ની વાચનયાત્રા: 1950

# અનુક્રમણિકા


ધૂપદાન

યુગદર્શન

ન હું ઝાઝું માગું _

જુહુને કિનારે

એક તારા

અશ્રધ્ધાનું શ્રાદ્ધ

બાની ચીમટી

સખી, તું તો _

અર્ધે આવ્યાં _

ઇન્દ્રધનુ

હું શું માગું ?

રખોપાં

ખેલંદો

પંખાળો ઘોડો

જન્મની ફેરશિક્ષા

નિશાદર્શન

પૂછવું યે અનન્ત

ટ...ક્ ટક્

બાલાપુરનું બારું

જાણું બન્ધુ ! –

ફૂલવિસર્જન

ચાંપો મ્હોરિયો

સાગર નવીન જલસંગ્રામ !

કયે રે નામે ?

બંદર છો દૂર છે !

નીંદરા ડોળાણી

ભવ તો –

અવનવો છંદ છે

પૂરાં પચ્ચાસની પૂઠે

ગંગાઘાટે

પાંજે વતનજી ગાલ્યું

બસ આપણે તો

ભારતે બે જ તર્જની

રણકતી ભલે હવે

ચિ. વ્યંજના

અહીં જ કૈં કેટલી વાર–

બળેલું પાન

કૌતુક કરે, કૌતુક કરે

જીવિત હો ભલે....!

વિષાદ જ પ્રસાદ હો

# ધૂપદાન

હૈયું મારું નાનલું ધૂપદાન,
તેમાં પેટ્યો કયાંયથી પૂત અગ્નિ;

એ અગ્નિમાં દ્રવ્ય કોઇ સુગન્ધી,

ના જાણું શી રીત આવે કયહીંથી.

મેં તો દીઠી ઉત્સરી ધૂમરેખ

વ્હેતી મીઠી ભાર કૈં સૌરભોના.
ના મેં જાણ્યું દેવ છે કો ઉપાસ્ય,

માણી મેં તો મૂક એની સુવાસ.

સંચી લેવા બાચકા કૈં ભર્યા મેં,
લાધી મીઠી કૈં નિરાશા નફામાં;
શબ્દો ધૂપ્યા સૂક્ષ્મ એ ધૂપગન્ધે
જાણે સાધું ગન્ધસંક્રાન્તિ એમાં ;

આવે, ના'વે શબ્દમાં એ સુગન્ધ,

તો યે મારે હૃદય વિલસે ધૂપરેખા સુમન્દ.

## યુગદર્શન

જાગી જાગી જગાડે જલધિજલ
મને પ્રેરણાવારિ પાયે,
આવી આવી સુંવાળો અનિલ પણ
મને વાત કૈં કાન કહે.

જામ્યાં સ્વપ્નો સરે ને નવલ નવલ
કૈં દર્શનો દષ્ટિ પામે,
આત્મા ઊઠે અચિન્ત્યો પ્રબલબલ
અને કો મહાભાન જાગે.
ભૂખ્યાં, દૂખ્યાં, ઉઘાડાં મનુજ

ભટકતાં પૃથ્વીને રુક્ષ ખોળે,
ઘેલાં કોઇ છકેલાં નયન ન નિરખે,
સ્વાર્થનાં સ્વપ્ન ઘોળે;
ધીમે તીણે અવાજે હૃદયમરમને
વીંધતી પૃથ્વી બોલે :

‘ શાને શાને ચૂસો રે અતિ મુજ સ્તનને,
છે નહીં દૂધ તોયે ?’

વ્યાપી વાધી વિશેષે મનુજહૃદયમાં
અજ્ઞતા-ઝેરવેલી,
તેની આ જો ! બધે યે દિલદુખકરણી

કેવી દુર્ગંધ ફેલી !

રાજા રૂંધે પ્રજાને, શબની બની પડ્યે

હાડ ને માંસ ચૂસે,

અંધી બ્હેરી પ્રજા એ નિજ હિત

વિસરી આત્મને નિત્ય રેંસે.

રે રે ભૂ કેમ હાલે ? જગતભરમહિં

શક્તિસંચાર શો એ ?

સૂતો બેભાન આ તો અતિશય

સમઝી વિશ્વનો આત્મ જાગે.

---

## ન હું ઝાઝું માગું _

ન હું ઝાઝું માગું,
નથી મારું ત્રાગું;
પણ હ્રદયમાં જે વ્રણ પડયા,
સહું સકલ એની બળતરા,
વિના ચીસે,
વિના રીસે;
બસ સહનનું એવું બલ દે.
ન હું ઝાઝું માગું,
નથી મારું ત્રાગું;
મુજ રિપુ રિપુત્વે મચી રહે
છતાં મારે હૈયે કદી ય પ્રતિશત્રુત્વ ફણગો
ફૂટીને ફેલાયે વિષતરુ_ ન એવું કદી બને;
બસ સહનનું એવું બલ દે.
ન હું ઝાઝું માગું,
નથી મારું ત્રાગું;
મુજ જીવન છોને વિફલ આ
બને, તોયે કો'નાં ઉર-ઉપવનો ધ્વસ્ત કરવા,
અજાણે કે જાણે,
કદી યે કો ટાણે, મુજ થકી કશું યે નવ બને;
બસ સહનનું એવું બલ દે.

ન હું ઝાઝું માગું,
નથી  મારું ત્રાગું;
પણ કદી ય એવું પણ બને :
હું જેવાની રાખે જનમભૂમિનાં ખાતર બને;
દઉં તો દગ્ધી હું મુજ જીવન સંપૂર્ણ હૃદયે;
હૃદય ગરવે મત્ત ન બને,

મન નવ  ચઢે  તર્કચકવે;
બસ મરણનું એવું બલ દે.

---

# જુહુને કિનારે

પ્રવૃત્તિનાં ના દળવાદળો અહીં,
શિકાર ના માનવપંખિયો તણા;
દ્વારે ટકોરા અહિં કોઇના નહીં,
અરે અહીં દ્વાર જ કયાંય ન દિસે.

વિસ્તારની લાણ અમૂલ્ય માણતાં

સાફલ્ય નેત્રો સવિશેષ પામતાં

સવારનો શીતલ મંદ વાયરો

સમુદ્રની લ્હેરસવારી માણતો,

જગાડતો જીવનવાદ્યતન્તુને
ને ગીત ગાતો નવલાં વસંતનાં.

રેતાળ લાંબો પટ વિસ્તરેલો;

કંઠે ઝૂકી માદક તાલમાલા
ભાવોર્મિ-સ્તોત્રો તણી લ્હેક લેતી
ઘડી ઘડી શીતલ મર્મરોમાં.

સુકોમળી ધૂમસમ્લમલે શી

ઢાંકી અઢાંકી સઘળી દિશાઓ !

હલેતી ઊભી ધરી અર્ધવેશ
જાણે નવા જોબનને પ્રવેશ !

પ્રકાશલીલા નભને ઉજાળતી

સમુદ્રનીરે પ્રતિબિમ્બ પાડતી;

ઉત્સાહની અદ્ ભૂત છાંટ છાંટતી

લસેશું આ જોબનની પ્રભા નવી !

દૂરે સુદૂરે નભનીરસન્ધિમાં
ધીમે સરે એકલ કોઇ નૌકા;

ફૂલેલ એનો શઢ શુભ્રવર્ણો

તરે છટાથી પ્રિય પ્રેમહંસશો.

હું એકલો, એકલો તો ય ના અહીં,

અહીં અનોખી કંઇ સૃષ્ટિ ઊભરે;

હું કેન્દ્ર, ને વર્તુલ કૈંક વિસ્તરે,
ઘેરે, અને નિત્ય અહીં જ નોતરે.

નિર્બન્ધતા બન્ધનશીલને મળી

ક્ષણેક, તોયે ક્યમ જાય વીસરી ?

# એક તારા

પૂર્વે ઊડે નવલરસના નીલિમાના ફુવારા,
ને વર્ષંતી રજતવરણી પશ્ચિમે સાન્ધ્યધારા,

શૃંગે શૃંગે જલદવિભવો દક્ષિણે વિસ્તરેલા,

ને સૂતેલાં તિમિર જગવે કારમી વીજલીલા.

ઓચિન્તો ત્યાં દિશદિશ પલોટી ધૂમ ચંડવાયુ,

ભૂંસે શું એ વિધવિધ છટાચિત્રણો વ્યોમકેરાં !

આવ્યાં કયાંથી અહિં ધ્રુજવતાં ઝાપટાં અંધકારે ?

ઉદ્ ઘોષો શા ? ત્યહિં મટકતી એકલી તારકા શી ?

દે મૂંઝાવી મનુહૃદયના નીલરંગી ફુવારા,
ને દે ઢાંકી સુભગવરણા કલ્પનાના મિનારા,
ને રોધી લે યુગયુગતણી સિદ્ધિકેરી સમૃદ્ધિ,

સૂતાં જાગી તિમિર વસમાં આખરી આંચકામાં :

તે વેળા યે તિમિરઘન વિસ્તાર કેરી પછાડી
શીળી હ્રોશે તિમિરશિખરે એક તારા વિરાજી.

## અશ્રધ્ધાનું શ્રાદ્ધ

પ્રાતઃકાળે પુણ્ય ગોદાવરીનાં
વ્હેતાં પાણી સૂર્યનાં સ્વર્ણભર્ગ
ઝીલી લીલા લ્હેરતાં, શાન્ત ચિત્તે
જોઇ લીલા અંતરે કૈંક જાગી.
અસ્તે ઊભો ચન્દ્રમા, વીતરાગ
જાણે કોઇ પુનિત પિતૃના આત્મનો પાંડુ પિંડ.
સીતા દેવી કેરી એ શીલમૂર્તિ,
ભવ્યચ્છાયા રામના તેજકેરી,
સૌમિત્રિના ત્યાગની તીવ્ર જ્યોતિ;
ગોદાનીરે નીરદેહી બનેલી
દીઠી વ્હેતી પૂર્વનીએ ત્રિમૂર્તિ.
જેના દેહે દેહનિર્માણ મારું,
જેના આત્મે આત્મકેરો સ્ફુલિંગ,
જોયાં જે મેં વા ન જોયાં ગયાં જે,
આંકયાં ચિત્તે વા ગયાં વિસ્મરાઇ,
કાલસ્ત્રોતે સૌ વહ્યાં પૂર્વજોને

તર્પી અર્પી નીર ગોદાવરીનાં
તર્પી અર્પી ભાવપિણ્ડોદકં હું
આજે આવ્યો સારવા શ્રાદ્ધ આંહી.

શ્રદ્ધા કો'દી શ્રાદ્ધકેરા વિધાને
ના આ હૈયે આપમેળે સ્ફુરેલી;

પ્રેર્યો હુંણે કૈંક વેળા પિતાએ

તો યે ના'વી શ્રાદ્ધશ્રદ્ધા કદીયે;
ને આજે યે અંતરે તો ખડી છે
અશ્રદ્ધા એ પૂર્વવત્ પૂર્વકેરી.

આત્માકેરી રંગની સૂક્ષ્મ સૃષ્ટિ

સંકેલાશે વિશ્વની કો ગુહામાં,
કો'દી મારી દેહમાટી વિલાઇ

જાશે વ્હેતા મૃત્યુગંગાપ્રવાહે,

ને શ્રદ્ધાળુ વંશજોમાંથી કોક

આવી આહીં સારશે શ્રાદ્ધ મારું :

એવી મારા અંતરે કો ખૂણામાં
છાનીછૂપી યે નથી રે મનીષા;

રે એની તો ઉગ્ર રાખું અનિચ્છા

તો યે આજે શાંત ગોદાવરીની

વ્હેતી જાતી શીતળી મર્મરોમાં,

અસ્પષ્ટાર્થા કાવ્યવાક્ જેવી કોઇ

વ્હેતી આવે પૂર્વજોકેરી વાણી;

એ વાણીના શાન્ત પુણ્યોદકે હું

ન્હાતો આશીર્ષ ડૂબું, પ્રબલ વહ્નમાં

આત્મ સંમાર્જતો હું.

વ્હેતાં નીરે સૂર્યના રશ્મિકેરો

કેવો જામે રંગજ્યોતિર્વિલાસ !

સ્વર્ગંગાના સ્રોતમાં હોય જાણે

પૂતાત્માના રશ્મિઓનો પ્રવાસ !

કિરણે કિરણે નીરની ઊર્ધ્વયાત્રા

જાણે ઊર્ધ્વારોહ કૈં પિત્રીઓની !

આજે ગોદાદર્શને ઉચ્છલંત

મારે હૈયે ગંગશો કો પ્રવાહ;

એ માંગલ્યે મંગલા મૂર્તિ કૈં કૈં

તેજોદેહી, તેજવસ્ત્રો વસાના,

હર્ષન્તી શી એ તરંગે તરંગે,

રેલન્તી શી અભિનવ છટા વ્યંજતી અંગઅંગે !
રે આ કયાંથી સર્વને ઢાંકી દેતી
કોની સૌમ્યા કાંતિ હ્યાં વિસ્તરંતી ?
અંતર્ગંગાવારિને વ્યાપી લેતી,
અંતર્ગંગા મૂર્તરૂપે સ્ફુરંતી,
એ તો વાત્સલ્યગંગા પુનિત છલકતી
મારી માતામહીની.
જેને જોઇ આંખ ના પૂર્ણ ઠારી,
જેની મૂર્તિ સ્પષ્ટ ચિત્ત ન આંકી,
તો યે જેનાં દર્શને સ્વપ્નમાંહી
કૈં કૈં મીઠા દુઃખના લીધ લ્હાવા,
જેણે પોષ્યો દેહને આપદેહે,
જેણે આત્મા આત્મથી સંસ્કુરાવ્યો,
જેણે બુદ્ધિ બુદ્ધિથી પેટવી, ને
રોપ્યા જેને ભાવથી પુણ્યભાવો,
આયુર્ગંગા મારી જ્યાંથી વહેલી,

ગંગોત્રીથી અધિકઅધિકી મારી એ માતૃગંગા.
    શીળા શીળા પુણ્ય તેજપ્રવાહે,

    ઘેરા ઘેર્યાં આત્મના અંધકાર

    ધોતી વ્હેતી ગંગ માતામહીની;

વ્હેતાં પીયૂષધારે વહ્ન જનનિનાં

                    દિવ્ય માંગલ્યગાને.

અપેક્ષા મન્ત્રની ના ના, વિધાનોની ય ના કશી;
સાંપડી દિવ્ય સામગ્રી, પિંડોદક કશાં પછી ?

## બાની ચીમટી

‘હતો તું તોફાની,
અરે જિદી માની,
કદિ કદિ મને ખૂબ પજવી,
અને મેં યે રીસે ઘણી ઘણી તને ચૂંટીય ખણી.

સુંવાળા એ ગોરા તુજ વદનની રોશની હણી.

‘અરે, તું શું જાણે ?
હતો તું એ ટાણે
કની ઠમકતો બાલ ભલણો;
ઘડી પ્હેલાંનું સૌ તુજ રમતમાં વીસરી જતો.

ફરી મારો ખોળો ભરી હૃદય મારું ભરી જતો.’

*

“મીઠી માડી મારી,

ભરી દૂધે ઝારી

મુજ મુખ ધરીને ઊલટથી

ન શું પાયાં મોંઘાં અમૃતાધિકાં દૂધ દિલનાં ?
ન શું છાનાં હેતે નયન-ઉર ઉદીપિત કર્યાં ?
ન શું નીચોવીને મુજ જીવનમાં જીવન ભર્યાં ?

“તું તો મારી બા_ એટલું બસ મને નિત્ય રમરવા :
નવ હું સ્મર્તો લાત પ્રહ્રરી,
અવ વિસરી જા, બા, તું ચીમટી.”

---

# સખી, તું તો _

સખી, તું તો મારી મદુલ નિશિગન્ધા હૃદયની
સ્ફુરંતી એકાંતે અનુપ સુરભે મન્દ મદીલી,

સ્ફુરાવંતી મોંઘી ઉર સુભગ આનંદલહરી

છતી થાતી તો યે કયમ જ દિસતી અપ્રગટશી ?

સખી, તું તો મારી સરિત નવ સૌભાગ્યરસની
વહી રેલેછેલે મુજ હૃદય નિઃશેષ રસ તી;
હશે કયાં ગંગોત્રી ? ઉર ન પરવા એહ ધરતું,

ભીંજાઇ છલકાઇ પ્રગટ નિજ સાફલ્ય ગણતું.
સખી, તું તો તારા;
અકેલી તું મારા હૃદયગહ્નને શી ટમકતી !

સદા સૌમ્યજ્યોતિ લખલખિત શીળી વરસતી,

સખી, છાની છાની ઉભય દિલની એક કથની.
વિલાવું પુષ્પોને, સરિતજલને ક્ષીણ બનવું,

સદાયે તારે તો, પ્રિય હૃદયતારા, વિલસવું !

## અર્ઘે આવ્યાં _

અર્ઘે આવ્યાં ચઢઉતર યાત્રા કરી જીવને કૈં,
અર્ઘે આવ્યાં સુખદુખતણી કેડિયો કૈંક કાપી,

અર્ઘે આવ્યાં નવરસ કરી પાન કૈં કૌતુકોનાં,

અર્ઘે આવ્યાં_ઔત્સુકયોની વેદનાજાગૃતિમાં.

આધી પીછે નજર કરતાં રાત્રિયો કૈંક જાગે,

આધી પીછે લલિત લટકે જાગતી શી ઉષાઓ !

આધી પીછે નજર કરતાં રંગલીલા લસન્તી

ઘેરી છાયાછટાઓ તરલ વિરલ શી
સર્વ સંધ્યાતણી એ !
જાતાં ઉત્સાહવેગે જીવનપથ વિશે
ઠેસ કૈં વેળ ખાધી,

ખાધી કૈં છક્કડો ને લથડી પણ પડ્યાં
આંચકો કો અજાણ્યે,
ઠેસે ઠેસે મળ્યું કૈં અનુભવબલ;ને છક્કડે છક્કડે યે

લાધી ના સિદ્ધિ મોંઘી નવલ નવલ

શું દષ્ટિ ને શક્તિ કેરી ?

રંગચ્છાયા થકી સૌ રચિતખચિત શી
શોભના પ્રીતિલીલા;
જે હો તે હો ભલે હો અપ્રગટ
બરુખે ભાવિના, ચન્દ્રશીલા.

==================================================

## ઇન્દ્રધનુ

(1)

આજે કંઇ વાદળ વ્યોમ છાયાં,

તારા અને ઇન્દુ બધાં લપાયાં;
આજે પડી કારમી મેઘછાયા

મારે ઉરે; જ્યોતિ બધા ગ્રહાયા.

નિઃશ્વાસ જાણે અનિલે ઊઠન્તા

ભેંકાર અંધાર ભરન્ત વિશ્વે
શૂન્યત્વની ગૂઢ વિષાદછાયા

શૂન્યતાના વિતર્કે હું મૂંઝાતો, લૌઅ પામતો;

ચમકી ઠરતા કોઇ દીપનો જ્યોતિ ભાળતો.

(2)

કર્ણે પડે જ્યાં તુજ નામ ધીમે,

દેતો તજી પ્રેમલ સ્તન્યપાન;
હસી જરા પ્રસ્નવસિક્ત ઓષ્ટે,

દેતો છુપાવી મુખ છેલડામાં;

નિહાળવાને અધરોષ્ઠ ભીના

દૂધે થકી, મેં સ્તનપાન રોધ્યાં;
એ હર્ષ – ઉન્માદતણી કથાને

સંભારતાં અશ્રુ ગરન્ત છાનાં.

સ્તનપાનથકી ભીના સૂકાયા ઓષ્ઠ ના હજી
ને તું તો કોણ જાણે કયાં ઊડિયો અમને તજી.

(3)

પંપાળતી પ્રેમલ હસ્ત માતા,
ને ચાંપતી અંતર વ્હાલઘેલી;
ગુલાબ ચૂમી તુજ ગાલ કેરાં,

ક્હેતી, ‘લિયો, શો તમ સામું જોતો !’
બોલાવું હું ત્યાં ધરતો તું હાથ,
પરંતુ આવે નહિ મારી પાસ;
મોં ફેરવીને દઢ માવડીને

સાહી રહેતો હસીને રડીને;

કદી કદી નમીને તું આવતો મુજ બાથમાં;
સંભારી સારવાં બિન્દુ માત્ર, બાલ, હવે રહ્યાં.

(4)

નિદ્રાઢળ્યાં કોમલ પોપચાંમાં,
બેટા, અમે કોમલ ભાવ પામ્યાં;

તેજે રમંતી તુજ આંખડી

નિર્દોષતાનાં શુચિતેજ ભાળ્યાં.

કપોલ કેરી સ્મિતની સમૃદ્ધિ

નિહાળતાં, કૈં થઇ હર્ષઘેલાં,

અનેક વેળા, પ્રિય, પાન કીધાં

વાત્સાલ્યાઆંક્યાં મૃદુ ચુમ્બનોમાં.

છતાં યે આજ ભાસે છે અચિન્ત્યો તું ઊડી જતાં,
અનેક ચુમ્બનો જાણે અણચુમ્બ્યાં રહી ગયાં.

(5)

રાત્રીતણે અંક રમન્ત ઇન્દુ
શીળું અમી કોમલ રેડતો હતો;

તું ગેલતો કોમલ માતાખોળે

પીયૂષ મારે ઉર સીંચતો હતો.
ચાંદો નિહાળી કર કીધ ઊંચા,
મીઠાં હસ્યો નિર્મલ હાસ, કેવાં
લળીલળીને તુજ માવડીએ

સપ્રેમ ચૂમ્યાં, અધિકાં વળી મેં;

અનેક ચાંદની રાતે રમાડતો આમ કૈં અમે;
પરંતુ અણખેલાવ્યા ખેલો રહી ગયા દિસે

(6)

તું ગેલતો એકલ પાલણામાં,
બ્હેની રહી ઊભી જ બારણામાં

હુલાવતી હાથ, હસી રમાડે;

તું પાલણે હસ્ત ફૂંળા પસારે;

ઉછાળતો પાય કંઇ હુલાસે

કિલ્લોલથી હર્ષ નવો જગાડે;

પરંતુ સૂનું તુજ પાલણું હવે
જોઇ બિચારી તુજ બ્હેનડી રડે :

નિગૂઢ અશ્રુસ્ત્રવણો અમારાં

હૈયાં વિશે કેમ રહે જ ધાર્યાં ?

આશ્વાસનો ન આશ્વાસે સ્નેહસંબન્ધીઓતણાં;
સંક્ષોભ અંતરે વાધે સૂનાં આ જોઇ ખેલણાં.

(7)

‘ જા, બ્હેન,હીંચોળ; રડેછ ભાઇ !’
એ શબ્દ ઘૂમન્ત હજી હવામાં;

ઉચ્ચારનારી તુજ માવડીને

હૈયે ચઢે છે કંઇ પ્રેમપ્હાના.

હા, તાત !તારાં અનિમિત્ત હાસ

વસ્યાં અમારે ઉર એક વાસ

એ સર્વ ધારી અતિઘોર રૂપ

સ્વપ્નો વિશે કૈં દમતાં વિશેષ.

વાણીને સાંપડયું મૌન, પ્રેમને શોક સાંપડયો;
રિદ્ધિ હર્ષતણી ખૂટી, જાતાં તું અમ બાલુડો.

(8)

બ્રહ્માંડમાં વ્યસ્ત પ્રભુપ્રભાને

અનેક નામે જન ઓળખાવે;
ઉદ્યાન મારે પ્રભુરશ્મિ ઊતર્યું,

ને રશ્મિ રૂડું અભિધાન મેં કર્યું.

એ રશ્મિના ઇન્દ્રધ્નુષ્ય જેવા

અનેક રંગો વિમલપ્રભાભર્યા,
ક્ષણેક્ષણે નૂતન દીપ્તિ ધારતા,

સૌન્દર્યરેખા લખતા કંઇ ઊઠયા.

પ્રગટયા દિવ્ય જે રંગો રશ્મિના આત્મરશ્મિના
વિલીન એ થયા પાછા શાશ્વત બ્રહ્મતેજમાં.

(9)

એ તેજનાં દર્શન દિવ્ય લેતી,
દીધી મને ના કયમ દિવ્ય દષ્ટિ ?

અંધારમાંહે અટવાયલાંને
વિલીનતા કેવળ શું વિનિષ્ટિ ?
કો પીડતું અંતર પ્રશ્નભારે

સૂતેલા કૈં ચિન્તનને જગાડે;

એ ભાર-ઉદ્ધાર વિશે નિરાશા

જાગે દિલે, મોહતમિસ્ત્ર વાધે

‘ દિવ્યં દદામિ તે ચક્ષુ :’ આશામન્ત્ર સનાતન,

આ મારી દષ્ટિને એનું લાધે ના કયમ દર્શન ?

(10)

ચૈતન્યના પ્રરનવ ગૂઢ જેના

આ વિશ્વને જીવનમાં રમાડે,

તે આદ્યામાતા શિશુ મહરાને
નવીન ચૈતન્ય નહીં શું પાયે ?

તારો ખર્ચે તેજતણો વિનાશ ?

દીવો બૂઝયે જ્યોતિતણો શું હ્રાસ ?

ઊર્મિ શમ્યે શું વિરમે વિલાસ ?

સંગીતનો વાદ્ય જતાં શું નાશ ?

મૂઢત્વ મારું આ ભેદી ગૂઢતા કોણ દાખવે ?
સૂક્ષ્મ કેરો રણત્કાર સ્થૂલમાં કો ન સાંભળે ?

(11)

મેં મૃત્યુઅંકે મુજ બાલસંગે
સૂતેલ જોયાં શિશુઓ અસંખ્ય;

હું સાંભાળું છું મુજ બાલચીસે

અનેક ચીસો જગબાલકોની.
ઊંડી અમારી ઉરવેદનામાં

છૂપી વ્યથા કૈં જગની જણાતી;

હું દાઝતો અંતરબાષ્પઝાળે

અનેક દૂભ્યાં જનનીપિતાની.

દંપતીવેલને મોંઘાં કુસુમો દઇને પછી
ચૂંટી કોણ જતું ગૂઢા મૃત્યુના નિજ હસ્તથી ?

(12)

મોંઘાં હરાયાં શુચિ બાલપુષ્પો
જીવન્ત સૂક્ષ્મ સ્મૃતિસૌરભેથી,

જીવાડતાં કૈં જનનીપિતાને

મૃત્યુ વિશે જીવનગૂઢ રીતથી.
કૈં કાલના ગહ્વરને ઉજાળે,

દિશાવકાશે નવતેજ પૂરે,

એવો અનેરો સ્મૃતિદીપ દૈવે
કૃપા કરી માનવચિત્ત ચેતવ્યો;
વિનાશમાં સર્જનતન્તુ સાચવ્યો.

જન્મ, જીવન ને મૃત્યુ એકતન્તુત્વ પામતાં

વિશ્વના આદિથી નિત્યે વૈવિધ્યે વિલસી રહ્યાં

(13)

વિલાસ એ અદ્ ભુત આદિશક્તિનો
અનન્તમાં ગૂઢ સદાય વિસ્તર્યો;

સામર્થ્યનો કાલનિયન્ત્રણાના

સાક્ષી સદાયે મનુબાલને કર્યો.
આ વિશ્વના સર્જનશ્રેણિબન્ધે

છે માનવીચિત્ત જ એક દીવો,
પેટાવિયો એ જ અદીઠ હાથે
અંધાર જેણે જગમાંહિ ઘેર્યો.

બીડેલાં માનવી ચક્ષુ તિમિરે ભય ધારતાં,
મૃત્યુના અંજને પાછાં નવલાં તેજ પામતાં.

(14)

તેં રશ્મિ અર્પી લૈ પાછું લીધું,
ને ચિત્તે મારું તમઘેરું કીધું;

પનુઃ પિતા ! દિવ્ય કૃપાનું રશ્મિ
દીનાત્મને પ્રેરી પ્રસન્ત કીધો.

પિતા પ્રસન્નાત્મા તું વિશ્વતંત્રનો

એકાધિકારે દઢ સર્વ ધારતો;
જેનો પિતા હું ક્ષણવાર નીરમ્યો

તેનો પિતા તું ચિરકાલનો ખરો.

શોકમૌન સરે મારાં, ચિત્તંસક્ષોભ ઓસરે,
બાલદેહે હતું બાંધ્યું વિરાટે કંઇ સાંપડે.

(15)

માધુર્યબાલમુખનું શશિમાં નિહાળું,
ને તારકે વિરલ એ શિશુનેત્ર ભાળું;

એ કિલ્કિલાટ જગબાલકના સુહાસે

વિસ્તીર્ણરૂપ બનિયો શ્રવણે હું ધારું

એ ઓષ્ઠનું  વિકસવું કુસુમે વિકાસે

તે  જોઇ અંતર હવે મુજ મૂક રાચે;

પ્રાતઃસમે વિપુલ રંગસમૃધ્ધિ રેલે
વ્યોમે,ત્યહીં શિશુની હર્ષસમૃધ્ધિ પામું.

મૃત્યુના હસ્તથી બાલ રેલાયો વિશ્વમાં દિસે,
અદશ્ય થઇને પાછો નવરૂપ ધરી રમે.

(16)

એ રૂપના નિત્યનવીન રશ્મિને,
નવીન આંખે, પ્રભુદીધ શાંતિથી,
જોવા મથું હું, થયું  ઓતપ્રોત

આ વિશ્વની એક અનસ્ત જ્યોતમાં,

સમસ્તમાં વ્યસ્ત, સમસ્ત વ્યસ્તમાં,

અદષ્ટમાં દષ્ટ, અદષ્ટ  દ્ષ્ટમાં,
રશ્મિત્વ જોવા મથું ઇન્દ્રચાપમાં,
ને રશ્મિમાં મેઘધનુષ્ય ન્યાળવા.

‘ દિવ્યં દદામિ તે ચક્ષુ :’ મંત્ર દિવ્ય સનાતન.
શોકસંતપ્ત દષ્ટિનું અમોલું એક અંજન.

---

## હું શું માગું ?

કણ કણનો માગણ હું ને તું દુનિયાનો દાતાર રે,
હું શું માગું ?

જલબિન્દુનો તરસ્યો હું, તું શાંતિનો દરિયાવ રે,
હું શું માગું ?

કાળપાળ વચ્ચે હું બાંધ્યો, તારો મુક્ત વિહાર રે,

હું શું માગું ?

સુન્દરતાના અણુ ઝંખું, તું સુન્દરતા સાક્ષાત રે,

હું શું માગું ?
ઘન તિમિરે દષ્ટિ ગુંગળાતી, તું સુન્દરતા સાક્ષાર રે,
હું શું માગું ?

શોકાઅગનમાંધખતો હું, તું તો પરમવિસાલ રે,
હું શું માગું ?

ડગડગ બુદ્ધિ પામે શ્રમ, તું તો શાશ્વતચૈતન્ય રે,
હું શું માગું ?

આતમ ટવળે મુજ અવિરામ, તું ઉત્તમ ધામ રે,
હું શું માગું ?

પાંખ ગઇ પીંખાઇ મારી, તું તો નિત્યવિકાસ રે,
હું શું માગું ?
પ્રેમલ સ્પર્શ કરીને સત્વર પાછી તું પ્રગટાવ રે,
હું શું માગું ?

====================================================

## રખોપાં

કાચી રે છાતીનું આ ધબકારવું હો જી,
આ તો સંધા ઊંધા રે ઉધમાત;

હુંને રે ચઢેલો તું તો ચાકડે હો જી !

ક્યાંથી સૂઝે તુંને સૂધી વાત ?
જેણે રોપ્યાં તે શું ના રખવાળશે હો જી ?
છોને રે જગવગડે ઊઠી સામટી હો જી

ધખભખ કરતી ધસતી ભૂંડી લાહ્ય;

ઘેલો રે ગાજંતો છોને વાયરો હો જી

ધ્રુજાવન્તો ધરણીને તોખાર;

જેણે રે રોપ્યાં તે શું પરજાળશે હો જી ?
તૂટી છો પડતા રે બારે મેહુલા હો જી

વીજલજીભે વિશ્વ બધું ભરખાય;

આંખુંથી જોનારા જોશે પાધરું હો જી

પરખંદા પારખશે જીવનતારા;

જેણે રે રોપ્યાં તે તો રખવાળશે હો જી;

ભયની રે ભભૂતિ અંગે ચોળજે હો જી;

ભવવેરોને રમતો ભમતો, બાપ,

જાજે રે જીવનના ખેલો ખેલતો હો જી;

સતને રે એંધાણે જોજે આપ;

હૈયે હૈયે રામરખોપાં આદુનાં હો જી.

## ખેલંદો

ખેલે રે ખેલંદો એકલ આભમાં હો જી;

સૂતો જાગે, જાગે સૂતો એહ,
તારાની મટકુંમાં લખલખ હસતો હો જી;

ચાંદાને ઓશીકે પોઢણહાર
સૂરજને ય જગાડી લોકે જાગતો હો જી.

નાચંતો દીઠો મેં બાલકઆંખમાં હો જી,
પોખંતો દીઠો મેં માને દૂધ,

પ્રેમની તંતૂડી એ વજાડતો હો જી,

ભૂલી સંધીનો રહ્યા જાગતો હો જી !

કેવા એ સદાનો રહ્યા જાગતો હો જી !
ખેડંતો દીઠો રે મેં તો ખેતરો હો જી,

ભાળ્યો એને ભઠ્ઠિયું ભીતરમાંહ્ય;

શેરીએ શેરીએ ટેલ્યું નાંખતો હો જી
અંધાની આંખે, લૂલાંને પાય;

દુખિયાંની વરાળ્યુંમાં વિસમતો હો જી.

ધોતો રે જોયો મેં ધોબણધોકણે હો જી,

જોયો એને દુ:ખીને અંગાર;

અંધારે એકલડો એ તંબૂરતો હો જી

તૂટ્યાફૂટ્યા છોને ભાસે તાર;

ખેલે રે ખેલંદો એકલ અંતરે હો જી.

બાળાં ને ભોળાંની સૂતો સોડયમાં હો જી

જોયો એને લખલખ વાર;

ઘેલાં ને ડાહ્યાંની જમાતમાં હો જી

જોયો એનો છૂપો મેં સંચાર;

બળ્યાં ને જળ્યાંને દિલ જંપતો હો જી

જોયો એને ભયને ભેંકારતો હો જી

જોયો એના વીજળિયા ચમકાર;

ગગને જોયો મેં એને હાસતો હો જી

સાંભળિયા મેં ધીરા શા ધબકાર;

પ્રાણને પેટાવી દિશ દિશ પોઢતો હો જી.

---

## પંખાળો ઘોડો

પંખાળા ઘોડા, ગઢ રે કૂદીને કયાં ઊડિયા હોજી ?

જરિયે કીધ ના ખોંખાર,
મૂકી પછાડી અસવાર,

કીધા અજાણ્યા પસાર;
પંખાળા ઘોડા, ગઢ રે કૂદીને કયાં સંચર્યા હોજી ?
તોડી દીધા નવસેં નેક,
છોડી દીધા સઘાળા ટેક,

આડા આંકી દીધા છેક;
પંખાળા ઘોડા, ગઢ રે ભાંગીને કયાં પરવર્યા હોજી ?
પંખાળા ઘોડા, કયાં રે અગોચર ઊપડયા હોજી ?

સૂની મૂકી તૃષ્ણાનાર,
શીળી આશાના તુષાર,

સૌને કરીને ખુવાર,

ખુલ્લાં મૂકી નવે દ્વાર,
પંખાળા ઘોડા, કિયા રે મુલક તને સાંભર્યા હોજી ?

# જન્મની ફેરશિક્ષા

પીઠે બાંધ્યા મણમણ તણા બોજ, ને ચાલવાનું
વાંકાચૂંકા ચઢઊતરના દીર્ઘ માર્ગો પરે હ્યાં;

હૈયા કેરા અમૃતમયમાં ઘોળવાં ઝેર ઝાંઝા,

ને એ સૌને અમૃતમય દેવાં બનાવી કલાથી :

આવી મોંઘી કઠિન કપરી જીવને એક દીક્ષા

જો ના દે તું જગતગુરુ !
તો માગું શી અન્ય ભિક્ષા ?

જન્મી આહીં કુટિલ વ્યવહારે શકું કેડી કોરી,
જો વૈષમ્યે અકુટિલ રહું સાચવી સાચદોરી,

સીંચી સીંચી જલ હ્રદયનાં પથ્થરાળી ધરામાં
કૈં ઊગાડું, કંઇ વહી શકું ઉપરે અંતરે વા,

છો ને રેલો મુજજીવનનો અન્ય આંખો ન દેખે,

તો યે જન્મ્યું મુજ હું સમજું લાગિયું કાંક લેખે.

જો તું ના દે જગતગુરુ ઓ ! આટલી એક ભિક્ષા

તો હું યાચું, દઇશ ન કદી જન્મની ફેરશિક્ષા.

# નિશાદર્શન

સન્ધ્યા શમી આ જુહુને કિનારે,
ને ઘોર રાત્રી જગસિન્ધુ આવરે;

અમ્ભોધિ શું ગર્જન આ ચિરંતને

અહીં 'મહાભારત' એમ ઉચ્ચરે ?
ઇતિહાસ તણે પાને ઘૂંટાતો શબ્દ એક એ,
વર્તમાનકિતાબે યે વિધિની વક્ર લેખણે
માનવીરક્તથી પાછો ઘૂંટાતો શબ્દ એક એ.
અવન્ધ્ય ભાસે ધૃતરાષ્ટ્રવંશ !
કેવી ખડી કૌરવની પરમ્પરા
કૌટિલ્યના કોટિક ખેલ ખેલતી
વિભેદતી માનવતા ચિરંતના !
નીરો તણું ક્રૂર વિનાશવાદ્ય
અનેક તારે જગ આજ ગાજતું;
સિકન્દરોની જબરી જમાતની

પ્રમત્ત શબ્દે સળગંત ઝંખના.

બુભુક્ષા પૂર્વમાં જાગે તીક્ષ્ણ જાપાનચક્રની,
પ્રાચીન ચીનસ્વાતંત્ર્ય છેદી ઉત્કર્ષ ઝંખતી.

છેદાશે ચીન કે ઝબકી જાગશે નવ સંસ્કૃતિ ?
એવા કૈં કૈં વિતર્કોની ડામાડોળ અહીં સ્થિતિ.

ઊઠયું ઇટાલી, હબસીનિયા ગ્રસ્યું,

અને હવે તો દિસતું જરી ગયું;
કર્યો જગે તે ક્ષણ ફડ્ફડાટ,
ના કિન્તુ કોઇ શક્યું રોધી વાટ.
લોભ માત્સર્ય ને દંભ તણા ત્રેવડ બંધથી

રોધી સ્વાતંત્ર્યનું સત્ત્વ ખડી છે શસ્રસંસ્કૃતિ.

મુસોલિનીની ન શમી જ ગર્જના
ત્યાં હિટ્લરી વીજ પડી યુરોપમાં;
વિદ્યુદ્ યન્ત્રો શાં સહુ રાજ્યતંત્ર
પૃથ્વી વિશે સત્વર ખટ્ખટી ઊઠ્યાં.
સતામણી ધાંધલ એક પક્ષે,
મનામણીદંભ તણી ય લીલા,

ડરામણી, કૌશલ, શાઠ્યવિદ્યા

ભેળાં મળ્યાં, ને ખત સંધિનાં લખ્યાં.

એ લેખની શાહી સુકાઇ ના, ત્યાં
ઉદ્દંડ નાઝી દલની પ્રચંડ
ભીંસે પિસાઇ ગયું નાનું રાષ્ટ્ર.
છેલ્લા મહાયુદ્ધનો અગ્નિશેષ
સંભાળથી સંધિ વિશે જ સાચવ્યો,

તે આજ સંવર્ધન પામી વિશ્વે
પુનઃ પ્રચંડાગ્નિ બની ભભૂક્યો.

લીધ પોલાન્ડસ્વાતંત્ર્ય બલિ, તો ય ન એ શમ્યો;

પીંખાયા રાષ્ટ્રને મારી પાટુ, રીંછ રણે ધુણ્યો.
પ્રતિભાની નથી ખોટ કદી જગતને નડી
આજે યે પ્રતિભા – ખામી જગમાંહી નથી નથી.
હઠીલી ને છકેલી ને સ્વાર્થીલી પ્રતિભા જગે
વિધ્વંસમાર્ગ માતેલી મૃત્યુના ધ્વજ રોપતી.
સત્તાની સ્વાર્થની ચાલે હોડ ઉન્મત્ત વિશ્વમાં;

જગમંગલતા માટે પ્રતિભા પરિપૂત ક્યાં ?
ઇસાઇ જગતે માંડી ઇશુ-ઉદ્બોધ-તર્જના !

પૂર્વે કીધાં મૂઢ સામ્રાજ્યલોભે
જે જે છાનાં પાતકો વા છતાં જે,
તે તે સર્વે ઊબળી આજ આવ્યાં,
ને પૃથ્વીને અંગઅંગે વિફોટ્યાં.
જ્યાં ત્યાં ચાલે રક્તની ઉષ્ણ ધારા,
જ્યાં ત્યાં ઊઠે ગંધ બૂરા પરૂના,
સોજા જ્યાં ત્યાં ને સડા સર્વ સ્થાને :
અસાધ્ય શું રોગ લાગ્યો ધરાને ?
આજે મહાકાલનું ચંડ નેત્ર
વર્ષાવતું ભીષણ અગ્નિ – અસ્ત્ર;

⇦

ને માનવી સંસ્કૃતિ રક્તધારે
નાહી કદી કો નવ જન્મ પામે ;
એવું ભયંકાર નિહાળી ભાવિ
મહાકવિ તણી વાણી ઘોષગંભીર ઉદ્ ગિરે.
'સ્વાતંત્ર્યરક્ષા લઘુ રાષ્ટ્ર કેરી,

ઉત્કૃષ્ટતા સંસ્કૃત માનવીની,
સંબન્ધમાઝા આંતરરાષ્ટ્ર કેરી,
લોપાઇ જાતી પરિરક્ષવાને,
ને વિશ્વને શાન્તિ સમર્પવાને

આજે મહાભારત યજ્ઞ આદર્યો,
એ યજ્ઞમાં બલિ બની કૃતકૃત્ય થા ને !'

આવા ઊડન્તાં જગની હવામાં

ઉદ્દંડ ઉચ્ચારણ ગર્વગાજ્યાં.

યુદ્ધથાક્યા, યુદ્ધત્રાસ્યા, લોહીભીંજ્યા જગતતટે

શાન્તિની પ્રાપ્તિને માટે મૃત્યુ એક જ માર્ગ છે ?

મૃત્યુમેઘ સમાં વ્યોમે વિમાનો ઘર્‌ઘરી રહ્યાં,
સિન્ધુમાં ય જગાડે છે ટોર્પેડો મૃત્યુગર્જના;
પિસાતી અવની જાણે કરાલી કાલચક્કીમાં !
જલમાં સ્થલમાં વ્યોમે વ્યાપ્યાં શા ઝેર મૃત્યુનાં !

પિશાચલીલા અવિવેક મૃત્યુની
ખંડેરાયાં કૈંક શહેર દાખવે;
વીંધાઇને મૃત્યુદાઢે ચવાયાં,
ઘવાઇ જીવે અધિકાં મર્યાં એ

સ્ત્રીબાલવદ્ધ કદિ ના રણમાં ચઢ્યાં જે !

વિજ્ઞાનમદિરામત્ત મર્કટી મૂઢ માનવે
સ્વકલ્પી ઇન્દ્રજાલોમાં માંડયો શું આત્મઘાત છે ?
વિનાવીવીજવીંઝાતો પૃથ્વીનો પટ વિસ્તરે,
માનવી કવિતા એને શબ્દમાં શું જ ચીતરે ?
વીંધી ગુહા શિખર તુંગ હિમાદ્રિ કેરાં,
ને સિન્ધુમોજ ચઢી ચોદિશમાંથી આવે

ગર્જન્ત ત્યાં હૃદયભેદક માત્ર એક
મહાભારતનો શબ્દ- તદ્ દૂરે તદ્વન્તિકે

સ્વાતંત્ર્યના – ના,
સામ્રાજ્યના આશક રાષ્ટ્રપંજે
સ્વાતંત્ર્ય કાજે તલસંત તરફડે
બીજું મહારાષ્ટ્ર; અશસ્ત્ર જંગો
ખેડયા છતાં સ્વત્વ હજી ન સાંપડે.
અમિત્રનું યે શુભ નિત્ય વાંછતો,
અશાન્તિમાં યે વર શાન્તિ ઝંખતો
ફરી ધનુર્જ્યા શુચિ યુદ્ધધર્મની

⇦

સત્યાગ્રહી વીર દિસે જ સાંધતો.
નિ:શસ્ત્રતાની ઋતદર્શી એ ઋચા
ઉચ્ચારીને રાષ્ટ્ર પુનઃ પ્રબોધતો.
એ રાષ્ટ્રનો શાયર અલ્પ અક્ષરે
ઘેરું નિશાદર્શન આહિં ચીતરે
અમ્ભોધિ-આરે વલખંત મુક્તિને.
અવનીને શિરે વીતે રજની પ્રલયંકર,
પ્રભાત તો દિસે દૂર સર્વભદ્ર શિવંકર.

---

# પૂછવું યે અનન્ત

આજો દીધી જન્મની જાગૃતી તો

ઢાળી તેમાં કેમ રે મૃત્યુછાયા ?

જીવ્યાજેવી જિંદગાની દઇને

કીધી તેને કેમ રે દુઃખઠોક ?

આંખે મૂકી શક્તિ જોવા અનંત

તો કાં એને મૂંઝવી આડબંધ ?

ઝાંખે જેવું ચિત્તડું શાન્તિ શાન્તિ

કયાંથી ઊઠે ત્યાં જ ઊંડો અજંપ ?

ઓઠે આણ્યા પ્રેમછલકંત પ્યાલે

દેતું ઘોળી કોણ ને કેમ ઝેર ?

પૂછી પૂછી થાકું માથું અફાળી

તો યે પાછું પૂછવું યે અનંત.

## ટ...ક્ ટક્

સૂતી સખી બાલ લઇ લપેટમાં
હૂંફાળવી નીંદરસ્વપ્નસોડમાં.
પડોશમાં યે નવ કાંઇ જાગતું.
શેરી ઉજાળે સુધરાઇ-દીવડો
ઝાંખી ઝાંખોઇ નીંદરતો જ જાગતો
ઊઠી ભયંકાર જતો વિરામી
કો શ્વાનનો બાંગપુકાર શાન્તિમાં.
સંભાળથી ટેબલ મધ્ય ગોઠવી
જાગંત હ્યાં એકલ શાન્તિવાસમાં
ઘડિયાલ મારી નિજ ટ...ક્ટકેથી,
ને અંતરે ટ...ક્ટક કૈં જગાડતી.
ચતો પડ્યો સ્વસ્થ પથારીમાં હું.
જોઇ રહે ઉત્તર – બારીએથી.
ન ચંદ્રિકા માદક મંદ શીતળી,
ના સૌમ્ય કો તારકનો પ્રકાશ વા.
ના ઝ...ર્મરો ઝાપટ, ના કશું છતાં
જોઇ રહે શૂન્ય જ શૂન્ય આંખ.
ધસે ત્યહીં દક્ષિણબારીમાંથી
સંસ્પર્શતી શીત સમીરલ્હેરખી.
શમી હતી સર્વ પ્રવૃત્તિ ચિત્તની

નિવૃત્તિ તો યે ઉરને ન સાંપડી.
કોને જગાડું ? કઇ વાત માંડું ?
ના છાંડું તો યે નહિ આજ નિદ્રા,
ને જાગું તો યે નહિ જાગ્રતી આ.

નથી જ આનન્દતણા ઉછાળા,
નથી છતાં ભેદક કો વિષાદ.

ના અંતરે એકલ કોઇ નાદ,
ના દૂરનો કો શ્રુતિગમ્ય સાદ વા.

વહે નહીં જીવનનો પ્રવાહ,
છતાં નહીં છેવટનો વિરામ આ.
ઊંચે હતું અદ્ધર વ્યોમ સ્તબ્ધ
નીચે ય તેવું ઉર મારું એકલું.

---

# બાલાપુરનું બારું

ખેડી તુફાનો દરિયા તણાં ઘણાં,
પરદેશના કૌતુકના ખજાના
ભરી ભરી, આરબ ઘોડલા સમા
લ્હેકંત મ્હોરે વિજ્યંત ચાલે,
ફરકાવતા કૈં સફરી ફતેહના
અનેકરંગી અણસંખ્ય વાવટા,
હ્યાં આવતા નાંગરતા નિરાંતે
રૂડા અરબ્બી બગલા સમુદ્રના :
પંખાળ એ અશ્વ ખરા સમીરના.
ઊંચા અને ગર્વછટા ભરેલા,
ને બોલતા બોલ કઠોર ભાસતા,
વિચિત્ર વેશે વિચરન્ત ઊજળા
અરબી ખલાસી અમ બાલ-આંખને
ઓછા નહોતા કંઇ કૌતુકેભર્યા.

હ્યાં આવતા સૂરતના બતેલા,
બેઘાટ તો યે કુતુકો જગાડતા;
મલબાર ને કચ્છ તણાં વહાણો
ભર્યાંભર્યાં હ્યાં નિરખ્યાં ય નાંગર્યાં.
હિન્દુ – મુસલ્મીન-અભેદ સાધતી
અનોખી નૌકાનગરી જ આ હતી.

⇦

માયાવિ એ કેવળ ચિત્ર શું હતું ?
આજે દિસે ઉજ્જડ બારું સામટું.
બેપાંચ હોડી પણ રેતદાટી,
બેચાર વ્હાણો પણ તેજહીણાં.
રડયુંખડયું કો કદિ દષ્ટિ આવતુ,
પરંતુ એ પૂર્વતણી ધમાલ કયાં ?
રેતાળ કાંઠો ભરચક્ હતો ત્યાં
એકાંત ઊભું ગતકાલ શોચતું.

અમે વળી કૈં રખડેલ ગોઠિયા
વૃદ્ધે ગણેલા ઉખડેલ આખાલા
ગિલ્લીદંડે વેળ હતા રમાડતા;
કુસ્તીદાવે કુંજરબાલ જેવા
ભીની રેતે અંગભૂત ચોળતા.
કદી કદી કો તફડાવી હોડલું
ઝંપાવતા છાછર નીરમાંહે;
ખલાસીઓને દબડાવતા કદી,

અને કદી જોઇ જ મોઢીબંધા
પોબારતા, પાછું ન જોઇ થંભતા.

ને ગાળનાં તીર ખલાસીઓનાં
વગ્યાં જ જાણે નવ હોય તેવા

ખખેરીને સર્વ જ રેતી ભેળાં,
નવાં તુફાનો મનમાં ઘટાવતા.
પરંતુ આજે શિશુશૂન્ય આ બધું,
હવે અહીં કો વઢવા ય ના રહ્યું.
છતાં ય હું ચિત્તપટે સરન્તી

જીવંત જોતો સહુ ભૂતસૃષ્ટિ;
ક્ષણેક આનન્દજલે લસન્ત

હું કો અદીઠું નિરખું જહાજ,
ને સાંભળું ગૂઢ સુકાનીસાદ.

---

## જાણું બન્ધુ ! –

જાણું બન્ધુ ! કોમળું હૈયું તારું
મારા પ્રત્યે નિત્ય કેવું દ્રવે છે !
ને તું જાણે ભાવ – સ્ત્રોતે ય મારો
વ્હેતો કેવો નિત્ય તારા ભણી તે.

ને હુ& જાણું જિંદગીમાં બધાને
પીવાના છે ઝેરઘૂંટો અનેક;
જે તારે યે ના લખ્યા અલ્પ છેક.
તો હું શાને મર્મના ઘા ઉઘાડું ?
દે સ્હેવા તું મુજ કરમનું એકલાને મને જ.
હું તો ઇચ્છું એકલો નિત્ય મારે
નિર્મેલા જે ઘૂંટ તે પી જવાનું,
કોઠે પાડી સર્વ એ શાન્તિમૌને
ઢાંકી હૈયું હસતવદને કૈંક જીવી જવાનું.
જાણું કેવો યોગ છે આ અકારો,
જાણું કેવો આકરો આ સમાધિ,
તોયે ઇચ્છું કેમ, ઓ બન્ધુ મારા,
અંતર્દાહે તું – સ્વજન તણું હૈયું યે બાળવાનું ?
મારી તોયે એક તો છે મહેચ્છા,
ને તેનો તો હું સદા આગ્રહી છું :

લાધે થોડુંયે અમી જીવને તો
હોંસે હોંસે હૃદયજનમાં સંવિભાગી જ દેવું.

========================================

# ફૂલવિસર્જન

રાષ્ટ્રધ્વજો ફરકતી જહ્નુનીર નૌકા
સંચી સમૃદ્ધિ કઇ અંતર ઊપડન્તી ?
હૈયે કશી છલક ? શા મુખ મૌનભાર ?
આંખો અસંખ્ય બનતી ત્યહિં બદ્ધતાર.
ખૂંચી જતી જ અમ અતંરસત્ત્વ જાણે !
એ ભસ્મપાત્રમહિં ભારતસર્વસાર.

ઓ તીર્થરૂપ ! તમ ભસ્મ ? વિચારતાં યે
ઉત્કંપ અંતર વિશે અણકલ્પ્ય વ્યાપે.
દેહાંતવાર બહુવાર વિચારી વાંચી,
ને અંતરદર્શનછબી ભરઆંખ સાંચી,
હૈયે ન તોયે 'ન તમે'ની પ્રતીતિ થાતી.
આજે પ્રયાગ શુચિ સંગમના સુનીરે
બીજાં અનેક વળી ભારતભોમતીર્થે,
ને આ અમે અહિંય સાગર સર્વતીર્થે,
હો તીર્થરાજ ! તમ ફૂલ વિસર્જનવાના;
મોંઘી પરંતુ તમ સૌરભ સંચવાના.
તીર્થોદકં કહ્યું સદાય સ્વયં પવિત્ર
ને અગ્નિયે સકલશોધન આપશુદ્ધ.
ગંગા તમારી પણ જીવનની અનેરી

જાતે વિશુદ્ધ જ, પ્રબુધ્ધ પિતા વહેલી !
પિતા ઓ રાષ્ટ્રના ભવ્ય ! નવ્ય દ્રષ્ટા જગદ્ગુરુ !
વિસજી ફૂલને તીર્થે જીવને નવસર્જિયે.

========================================

# ચાંપો મ્હોરિયો

મેઘતણી વાડીમાં વીજલ – વેલ;
મારી રે વાડીમાં ચાંપો મ્હોરિયો !
છલકાતી છંટાતી આભલ-હેલ;
છાંતે રી છંટાતો ચાંપો મ્હોરિયો !
આ ભેરે અંકાઇ સોનલ-સેર;
મારી રે વાડીમાં ચાંપો મ્હોરિયો !
છો આભે સોનેરી ઝાકઝમેર;
મારી તો વાડીમાં ચાંપો મ્હોરિયો !

આભતણા આઘેરા સોનલ-મેર;
મારે તો મન્દિરિયે ચાંપો મ્હોરિયો !
એ અધાં સોનાંમાં ગન્ધ ન સેર;
મારો તો સોનેરી ચાંપો મ્હોરિયો !

==================================

# સાગર નવીન જલસંગ્રામ !

સાગરેઅ જાગે તરંગતાન,
મારો પ્રાણ બને મસ્તાન !
મેઘમથી રજનીમાં મેં તો દીઠાં રે એંધાણ,
સબકંતી વીજલનાં વ્યોમે ચમક્યાં જ્યારે બાણ :
મારાં જાગ્યાં રે ઓસાણ,
પોઢ્યાં જાગ્યાં રે ઓસાણ !
મોંઘેરાં અધવચ છાંડેલાં માંડ્યાં મેં પરિયાણ;
સાતશઢાળું સજ્જ નિહાળું બારે-ઊભું વ્હાણ;
સાગર જાણે તરંગતાન,
મારો પ્રાણ બને મસ્તાન !
જમીં તણી મહોબતને દિલભર આજ સલામ;
સાગરપારે સાદ પુકારે અણટળ એહ કલામ :
અંતર કશા હવે આરામ,
સાગર નવીન જલસંગ્રામ !

=======================================

# કયે રે નામે ?

કયે રે નામે તે તમને કડવાં આ વેણ
પ્હોંચાડું ? તમારું બહુરૂપિયું રે સેન.

તમે તો વિતાડી મારે હૈયે કાળી રેણ !
ફૂલડાં ગણીને તમને હૈડાશું ચાંપ્યાં,

રૂડલાં જાણીને તમને કોટે રે થાપ્યાં;

ચંપાઇ થપાઇ તમે ફેરવ્યાં રે નેણ !

બન્ધુ રે બનીને ઘર મારાં ચૂંથ્યાં,

હેતુ રે થઇને તમે ધન મારાં લૂંટ્યાં,

મૂળગી દોલતનેયે દેવા ઇચ્છ્યું દેન !
હજીયે હસું હસું કરતાં રે દેખું.

મનડું તમારું શું આવડું અદેખું ?

પ્રીત્યુંનાં અવળાં બધાં વાળી દીધાંવ્હેણ !

પોતીકાં ગણીને તમને ખમાખમા કીધાં,

માગતાં તમે ઓ કદિયે લગરી ન બીધાં,

પાતાળ તમારાં પૂર્યાં જાય કોણે કેમ ?

વિના રે ઇન્ધન આગ અદકી જલાવી

દીધું રે કુંદન મારું મોંઘેરું તાવી;

હ્વેથી તમારું લીધું આકરું મેં નેમ !
કયે રે નામે તે તમને કડવાં આ વેણ
પ્હોંચાડું ? તમારું બહુરૂપિયું રે સેન.

તમે તો વિતાડી મારે હૈયે કાળી રેણ !

=======================================

# બંદર છો દૂર છે !

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,

બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે !
ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મૂઝાંયે અંતરના હોયે જે કાયરા;
તારા હૈયામાં જો સાચી સબૂર છે,
છોને એ દૂર છે !
આકાશી નૌકાને યે વીજ દેતી કાટકા,
તારી નૌકાને યે દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છોને ચકચૂર છે;
બંદર છો દૂર છે !
આંખોના દીવા બુઝાવે આ રાતડી,
ધડકે ને થડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો શુઉર છે,
છોને એ દૂર છે !
અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે :

બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે !

# નીંદરા ડોળાણી

પાછલી રાતુંની મારી નીંદરા ડોળાણી, ને
આગલી રાતુંના ઉજાગરા ઓ જી રે !

ધરતી ધાવણધારા,
ધરતી ધાવણધારા ઊંડી રે શોષાણી, ને
આગઅંગાર ઊઠે આભમાં ઓ જી રે !

લ્હેકી લચુંબી મારી,
લ્હેકી લચુંબી મારી વાડિયું વેડાણી, ને
આંગણે ઝીંકાઇ રહ્યાં ઝાંખરાં ઓ જી રે !

કેસરે મ્હેકન્ત કયારી,
કેસરે મ્હેકન્ત કયારી ઉરની ઉજાડી, ને
આંખે અંધારાં ઘોરે આંજિતાં ઓ જી રે !

પાછલી રાતુંની મારી નીંદરા ડોળાણી, ને
આગલી રાતુંના ઉજાગરા ઓ જી રે !

==========================================

## ભવ તો –

ભવ તો ભાસ્યો આ કો'ને કાચો તે પારો રે
રૂંવે રૂંવે ફૂટતો અંગારો રે,
ભવ તો ભાસ્યો આ કો'ને કાચો તે પારો.
ભવ તો લાગ્યો આ કો'ને મારગ-ઉગારો રે,
ઘડી બે ઘડીનો ઉગારો રે,
ભવ તો લાગ્યો આ કો'ને મારગ-ઉગારો
વાળી સમાર્યો પ્રાતસાંજ સમીરે રે,

લીંપ્યો ગૂંપ્યો ને સિંચ્યો ગંગાનાં નીરે રે,
* ચેત્યો આતમ કેરા ઘી કેરે દીવે રે,
ભવ તો મેં જાણ્યો જાણે તુલસીનો ક્યારો !
ભવ તો મેં માણ્યો જાણી તુલસીનો કયારો.

* ચૈતન્યમય બનેલો.

# અવનવો છંદ છે

બાગ છે,

બાગમાં વેલ છે, ફૂલ છે,
રંગની રિધ્ધિ છે,
ગંધની સિધ્ધિ છે,
રંગ ને ગંધની રિધ્ધિ ને સિધ્ધિમાં
ચિત્ત મશગૂલ છે.
ગગન છે,
ગગનમાં મેઘની ઝૂલ છે,
વિસ્તર્યો તે વિશે સપ્તરંગે રસ્યો પૂલ છે,
ગગનમાં ઘૂમવા તરવરાટી રહ્યું ચિત્તચંડૂલ છે.

સરિત ભરપૂર છે,
ત્યાં રહ્યો સિન્ધુ નિજગાનચકચૂર છે,
એની છાતી પરે ભાવ-અનુભાવશી
લહરમાલા લસે, વિસ્તરે દૂર છે,
મારી યે છાતીમાં

સરિત ને સિન્ધુનાં
કદિક તો ગરજતાં ગાન ઘેઘૂર છે.
સ્પંદ પ્રસ્પંદ છે,

આજ આનન્દ છે,
કોઇ આનન્દનો અવનવો છંદ છે.

===================================

# પૂરાં પચ્ચાસની પૂઠે

મને ભાદ્રપદી માયા !
દ્વાદશી ભાદ્રપદની શોક્લપક્ષા સુખોજ્જવળી :
મારી જનનિને મોંઘી હ્તી એ પ્રીતિપર્વણી,

ભર્યા કુટુંબને યે એ સદાય સરખી સુખકારિણી.

પનોતી એ તિથે પ્હેલી ભવશું ગાંઠ પ્રેમની

પડી મારે, રહી છે એ સદાય અકદી થતી.

એ મારી દૈવદીઘેલી નિજના ‘દેવદીધ’ ને

તજી જનનિ તો ચાલી સ્વલ્પ કૈ સુખ ભોગવી;

પરંતુ પ્રતિવર્ષે આ દ્વાદશી સુખદાયિની

આવે, મને મુદભરી જોવા શું મુજ માવડી !

અહો માયા શી આવડી !

સિન્ધુને જલહિંડોળે હીંચતા રમ્ય દ્વીપશા

ઉદાર જજની અંકે દીક્ષા આન્દનિર્મળા

પામ્યો જે સ્વલ્પ, તે મારા દીન જીવનમાર્ગમાં

મોંઘું પાથેય બનતી, બનતી તેજદીપિકા.

(2)

ખડયો જનનિ-ગોદેથી, પડયો માતામહીતણી
પરમોદાર ગોદે, જ્યાં માણી લાણ સદાનવી.

સદાય શુભની ચિન્તા હ્રયે હેતાળ ચિન્તવી,
દુઃખવારણ ને છાયા સહેજોદાર શીતળી

દીધી ઇચ્છયાથી અધિકી;ક્યમ તે જાય વિસ્મરી ?

વૃદ્ધ ને વ્હાલસોયાં એ હ્તાં ટંકણખાર શાં,
અમને કૈંક વેળાએ હ્તાં લાધેલ પારખાં.

નિષ્કલંક હ્તું શીર્ષ, નિષ્કલંક હ્તું દિલ,

એમનું ઇષ્ટ એ એક રહું કે હું અનાવિલ.

નમાયા હું તણાં એ તો બન્યાં માતા સવાઇ, ને

સંવર્ધ્યો આત્મસર્વસ્વ અમોલું નિજ પાઇને.

નવાજીને મને ચાલ્યાં જવાનું સર્વને જ જ્યાં;

આજે ય એમ ભાસે છે નવાજે છે રહ્યાં ય ત્યાં.

(3)

નભાયો ને નબ્હેનો હું–છતાં હું નવ એકલ;

જામ્યું, તું ભરમસ્તીલું અમારું બાલમંડલ

ભણવું થોડું ને ઝાઝું ભૂલવું રઝળાટમાં,
નિશાળે ય જતાં ઝાઝું ખમવું વચ-વાટમાં,

આવડે ના'વડે તેનો કશો યે કચવાટ ના !

વડીલો તે વિશે હોશે ભલે નિત્ય ઉચાટમાં.

અમ તોફાનમેઘો તો ધસતા પૂરપાટ ત્યાં.

બાલ્ય મારું, યથા સૌનું, હતું હા કલેશમિશ્રિત;

રજોટ્યા બાલ્યનાં તો યે કેવાં કેસરસૌરભ

બનતાં ચિત્તને આજે આનંદસ્ફૂર્તિદાયક !

(4)

કોણે, કેમ અને કયારે મારા તોફાનમેઘને

વિખેર્યો ? શાન્તિનું લાધ્યું ચિત્તને રમ્ય વર્ષણ

શી રીતે ? ના કશું જાણું.જાણું હું માત્ર એટલું :

જુનું જગ ગયું, અવ્યું રમ્ય નવ્યનું ઝંખન.

કશો એ ઝંખનાકાળ ! કશું એ મિત્રમંડલ !

પ્રોત્સાહી ગુરુઓનું શું અમ એ ભાગ્યમંગલ !

બાવરી બુદ્ધિને મારી લાધી ચરણભોમ શી

નવલી ગુરુએ ચીંધી નવેલા નિત્ય પ્રેમથી !
નવોત્સાહભર્યાં કેવાં હતાં એ મુગ્ધ સાહસ !

અદીઠ કુતુકો કેરો હતો અદ્ ભૂત એ રસ.

વિદ્યાયોગ હજી મારો જામતો’તો ક્રમે ક્રમે,

દામ્પત્યયોગની ત્યાં તો આવી વૈશાખ દ્વાદશી,

ચાંદનીશી ચમકતી, અદીઠા કૌતુકે રસી.

શુકલાંબરધરા દેવી એક પક્ષે સરસ્વતી,
અન્ય પક્ષે નવા રમ્ય ગમ્યાગમ્યા હતી રતિ :

સાધના એ ઉભયની વ્હાલી ને કપરી હતી.

ગીતા ને ગાંધીની ત્યાં તો વાણી આર્ષ ઉરે રમી

જ્ઞાન ને ભક્તિના દશ્ય વિરોધો ક્ષણ આથમી

ગયા સમા વસ્યા હૈયે : બુદ્ધિ ઉભયગામિની

સમતા ધરતી ચાલી, અથવા ચાલી મેં ગણી.

પૂર્ણ જાગૃતિ એ ન્હોતી, ને ન્હોતિ ય અજાગૃતિ

(5)

ઠેબાતાં ઠોકરાતાં કૈં લાધ્યો માર્ગ પ્રવૃત્તિનો
ભિન્ન અત્યંત ઝંખ્યાથી–અધિકો પ્રિય નીવડ્યો.

ભાવ ને બાવનાઓની માણી ખુશનુમા હવા,

વા વંટોળ વિતર્કોના, દોડાવંતાં ય ઝાંઝવાં.
ચિન્તા, ઉદ્વેગ ને દુઃખો લખ્યાં કોના ન ભાગ્યમાં ?

મારે યે ભાગ કૈં આવ્યાં, ને ઘડી વસમાં થયાં.

ભલે આવ્યાં, ભલાં આવ્યાં,સંતાપીશુદ્ધિઅર્પવા;
સુંવાળપ દઇ મોંઘી સંવેદન સમારવા :
ને આજે એ બધાં જાણે જૂનાં સન્મિત્ર છે બન્યાં !

નવાઇ ના ભલે એની–મારાં એ છે વધાઇનાં.

(6)

'યસ્માન્નોદ્વિજતે લોકો લોકોન્નોદ્વિજતે ચ યઃ,

ભગવદ્ વાક્ય એ મારા આત્માનું નિત્ય કૌતુક;
છતાં અનેક વેળાએ દુવાયો છું અનેકધા,

ને છે અનેકને દૂવ્યાં જાણીને વા અજાણતાં.

અસત્યમ્ કે અપ્રતિષ્ઠમ્ નથી જગત મેં ગણ્યું;

જાણીને તીર્થ, જગતનુજં ગુરુત્વ ઉપર સંભર્યું.

કણશઃ ક્ષણશઃ જે જે લાભ્યું તે નિત્ય સંઘર્યું.
ખરે વિવિધરૂપે હું પામ્યો છું પ્રીત-ઉત્સવ;
મૃદુ, મિષ્ઠ અને મોઘું માણ્યું મેં મૈત્રી-સૌરભ.

ન કે અદ્રતાથી હું જીવને અનભિજ્ઞ છું,
ન કે છું દર્શને એના ઉદ્વેજિત જ અલ્પ હું;
પરંતુ અદકું વ્હાલું ગણ્યું મેં ભદ્ર સંચવું,

અભદ્રે ય ઘણું જાણ્યું ભદ્રસાધન છે થયું.

કહી વૈતરણી શાને રાચું જીવનનિંદણે ?

નથી ભાગરથી શક્તિ-ભક્તિ ગંગાવતારણે, –

છતાં ય જગતમાં જોયું ગંગા વૈતરણી બને.

નદી જીવનદાત્રી છે, પૂરો પ્રલય- ર છે,

મથતાં આંબવા એને ઔદાર્યો યે અદૂર છે.

(7)

સમૃદ્ધ વિશ્વલીલા હો ! મહા હો વિશ્વસર્જક !
શું શું મને નથી અર્પ્યું, જો કે છું તુચ્છ અર્ભક ?

દેહ દીધો, દીપ દીધો અંધારે જ્યોતિદર્શક,
તાપસંતાપની વચ્ચે અમીના હે પ્રવર્ષક !
વિશ્વમાં ને વિશ્વપાર વિલસન્તું વિરાટ જે,
જગની બારીએથી તે દ્રષ્ટાને તો સુદશ્ય છે.

નથી દ્રષ્ટાપણું એવું, ન તો યે વ્યર્થ દર્શન;

આસ્થાના એક બલથી સધાતું અઘમર્ષણ.
પૂરાં પચ્ચાસની પૂઠે અમસ્તી આંખ નાખતાં

અલ્પાનુભવયાત્રાનાં મંગલો શાં થતાં છતાં !

મર્ત્યલોક તણી યાત્રા સંજીવનભરી ખરે !

ભલે ને પૂર્ણ એ થાતી મૃત્યુના સ્વસ્તિવાચને !

સ્વસ્તિવાચન એ પાછું સંસ્કુરે નવજીવને !
હાથ ને હૈયું આ મારાં ઊભર્યાં જગ-અર્પણે;
જગને અપ્યું તે શું મેં ? અર્પવાનું ય શું જ છે ?

સત્કાર્યું જગ, સત્કારુ અલ્પ હું તુલસીદલે

==================================

## ગંગાઘાટે

ગંગાઘાટે
લોક હતું આરતી-રઘવાટે;
સન્ધ્યા સોહન રજનિનીરે

લીનવિલીન થતી નભઘાટે :

ગંગાઘાટે.

દીપપ્રદાનના કૌતુકકોડે
યુવતીજનઉમંગ શા દોડે !

સ્પર્ધતાં બાલક દિડે જોડે,

છલછલ કલકલ નીર વ્હે સ્ફોડે : ગંગાઘાટે.
ફૂલને નીરમ પડિયા ભારી,
કુંકુમાક્ષતથી શણગારી,

અંદર દીપ ધરેલ સમારી;

હળવે હાથે, દોરડાં નીરે,

આપણે અંતરને છલકાટે
આપણા દીવા દીધ ત્યાં તારી ગંગાઘાટે.
દૂર જતો મારો દીપ તું જોતી;

દીપ તારો મારી આંખ લેગોતી;
એકબીજાના દીવડા દેખતાં

અંતરના છાના મલકાટે.

કેવાં ઊભાં ઘડી ગંગાઘાટે !

ઝંખવાતી તારી આંખના દીવા;

પેટી ઊઠયા તવ હૈયાવાટે,

દીઠા હતા મેં મૂક ઉચાટે ગંગાઘાટે.

આજ કો યામુન*નીરવ નીરે

હોલવાતાં તુજ દીપ ,–

આ તીરે

એકલો એકલો અંધાર તાકતો

સ્તબ્ધ હું આ અહીં ઘોર સમીરે :

________________________ગંગાઘાટે, ગંગાઘાટે.

* યમુના જેવાં કાળાંઘેરાં.

==========================================

# પાંજે વતનજી ગાલ્યું

પાંજે વતનજી વાલ્યું,
અનેરી પાંજે વતનજી ગાલ્યું.
દુંદાળા દાદાજી જેવા એ ડુંગરા,
ઉજ્જડ છો દેખાવે ભૂંડા ને ભૂખરા :
બાળપણું ખૂંદી ત્યાં ગાળ્યું. અનેરી.
પાદરની દેરીપે ઝૂકેલા ઝુંડમાં,
ભર્યે તળાવ, પેલા કૂવા ને કુડમાં :

છોટપણું છંદમાં ઉછાળ્યું. અનેરી.
પેલી નિશાળ જેમાં ખાધી'તી સોટિયું,

પેલી શેરી જ્યાં હારી ખાટી લખોટિયું :

કેમે ભૂલાય કાનઝાલ્યું ? અનેરી.
બુઢ્ઢાં મીઠીમા,એની મીઠેરી બોરડી;
ચોકી ખડી–એની થડમાંહે ઓરડી !
દીધાં શા ખાવાં ? અમે ઝંઝેડી બોરડી :

બોર ભેળી ખાધી'તી ગાળ્યું. અનેરી.
બાવા બજરંગીની ઘંટા ગજાવતી,
ગોમી ગોરાણીની જીભને ચગાવતી,

ગોવા નાવીની છટાને છકાવતી,

રંગલી, રંજીલી ગાલ્યું. અનેરી.
વ્હાલભર્યાં વેલાંમાં, ચંચી એ ચીકણી,
તંતીલી અંબા ને ગંગુ એ બીકણી,

શ્યામુ કાકાની એ ધમકીલી છીંકણી

જેવું બધું ય ગયું હાલ્યુ. અનેરી.
છોટી નિશાળેથી મોટીમાં ચાલ્યા,
પ...ટ પ...ટ અંગરેજી બોલ બેક ઝાલ્યા,

ભાઇ ભાઇ ક્હેવાતાં અકડાતા હાલ્યા :

મોટપણું મ્હોરન્તું મ્હાલ્યું. અનેરી.

=================================

## બસ આપણે તો

આપણે તો ભઇ, આપણે રે !
બેઠા પોષ તણી કડી રાત વચ્ચે સુખતાપણે રે,
નીંદરને લઘુભાર નમી મૃદુ પાંપણે રે !
આપણે તો ભઇ, આપને રે !
જામ્યા કોક તણી ભરકષ્ટ રળી ધજ થાપણે રે !
જુઓ કોડભર્યા કરજોડ નર્યા
ધસે નિત્ય અહીં પગચાંપણે રે !
બસ આપણે તો ભઇ, આપને રે !
ભલે કૈંક રમે નિજ ડા'પણે રે !
જીવે કૈંક ભલે ડસ્યા સાપણે રે !
ભલે કૈંક જતા વણખાપણે રે !
પણ આપણે તો ભઇ, આપણે રે !
બસ આપણે તો ભઇ, આપણે રે !

==================================

## ભારતે બે જ તર્જની

કરું કરું ગૌરવ હું ગિરીન્દ્રનું,
ગિરીન્દ્રનિસ્યંદિની માત ગંગનું,

ને ભોમપે વ્યોમસમા સુનીલ
સુવિસ્તર્યા આ લવણામબુરાશિનું.

ત્રિકાલના કિન્તુ અમાપ વિસ્તરો–

તણા તમે માપનદંડ જેવા
પ્રજ્ઞાપ્રકાશોજ્જવલ એ કવીન્દ્રો,
કવીન્દ્રનિસ્યંદિની કાવ્યગંગ ઓ !
કર્યા કરું કૌતુક આપનું સદા,
અર્પ્યા કરું અર્ચન અંતરાત્મનાં,
આશ્ચર્યવત્ દર્શન આપનાં લહું,

આશ્ચર્યવત્ અંતરમાં ભરી રહું.
અંધારજ્યોતીબલ પારખંદા,
રામાયણી કાવ્યસંવાદગાયક,
ભરી ભરી અંજલિ આદિ અર્પું,
લ્યો લ્યો, મહા ઓ કવિ આદિ, આત્મની.

અતાગ તાગ્યો લવણામ્બુરાશિ
મનુષ્યના અંતરનો, જગત્ તણો;
અને ઠર્યું એક અનન્ય દર્શન :
નમું નમું વ્યાસ વિશાલદ્રષ્ટિ ઓ !

પુરસ્કરી આશ્રમરમ્ય સંસ્કૃતિ.

દામ્પત્યની પ્રોજ્જ્વલ દીપ્તિમૂર્તિ
શકુન્તલા શુદ્ધતપસ્ક્રિયા સમી
સર્જી, અહો કાવ્યવિમાનસર્જક !
પરંપરા ભારતના કવીન્દ્રની
રવીન્દ્ર ઓ ! પ્રોજ્જ્વલ કાવ્યદીપે
કરી તમે ઉન્નત મસ્તકે ચર્યા,
આ અર્પીએ સૌ .......... નત નમ્યા અનિષ્ટને,
પ્રચંડ ઝંઝામય જોઇ વિશ્વને
ડગ્યા ન, ચેતાવ્યું જ સ્પષ્ટ દર્શને
અનેક વેળા જગ, તર્જની તમે
ઊંચી ધરી ઉચ્ચરિયા રવીન્દ્ર હે !
વર્તમાન જગે દીઠી ભારતે બે જ તર્જની :
એક પેલા મહાત્માની, ને બીજી આ કવીન્દ્રની.

====================================

## રણકતી ભલે હવે

રાગરસી સન્ધ્યા સૌમ્ય અંધારે નીતરી;
કોલાહલ કલબલ હલમલ બની રહી શીતલ
નિર્ઝરી–ગગનગહરી.

મનોધેનુ, ગંગાપ્રાંતે પાવન વિહરી,
સ્વાદુ શષ્પે શીત જલે પરિતૃપ્ત, હરીભરી
આશ્રમભૂમિમાં રમ્ય અનિલલહરી
કંઠઘંટડીના નિજ સંચલનસંવાદિત મૃદુરવે
મુખરમંજુલ કરી, રહી વ્યોમમાન ભરી.
નિર્ભાર શી સભરતા !
રવરસી નીતવતા !
શી રે આભા અંધકાર રહી આ સંકોરી !
રણકતી ભલે હવે,

ઝણકતી અટળ મહા-આહ્વાનટંકોરી !

==================================

## ચિ. વ્યંજના

થાક્યો પાક્યો દેહ આ રોગજીર્ણ,
ને હૈયુંયે આ હતું શોકશીર્ણ,
આંખો ઝંખે વિશ્વ જે આભપાર,
ખોયો જાણે સર્વ સંસારભાર.
થાક્યા દેહે નવ્ય સંચાર ત્યાં શો ?
શોકે ભાંગ્યા અંતરે શો હુલાસ ?
ઝંખાયેલી આંખ જે ખોટભારે
તેમાં પાછો ઊગતો શો ઉજાસ ?
સૂકી ડાળે પર્ણ શું આ નવેલું ?
મૌનાગારે બુલબુલ્યું ગાન આ શું ?
ઊગ્યું કયાંથી પુષ્પ રંગે વસન્તી

ગંધે મ્હેકી કાવ્યની વ્યંજનાશું ?
મારી મીઠી વ્યંજના, રંજના તું.
હૈયાકેરી કૌમુદી અંજના તું.
બોલી હાસી વ્હેતી તું મુક્તધાર
હીણાયેલા મુજ જીવનને તું કરે નવ્યસાર.

==================================

## અહીં જ કૈં કેટલી વાર–

અહીં જ કૈં કેટલી વાર પીધાં
હૈયું ભરી પુલકપેય પ્રભાતકાલનાં;
પીતો આજે પૂર્યનો એ અપૂર્વ
સવારનો સોહન મૌન-ઉત્સવ.
શાં પુષ્પતામાં પીગળે દલેદલ,

ને વૃક્ષ ર્હેતાંય બની વને વન !
વેળુકણો ર્હે વિરચી સુવિરસ્તર
સોહાગ–આ સાગરકંઠ સુસ્વર.
તરંગનાં આ લખલીલ નર્તન
બની રહે અર્ણવના જલે જલ.

સવાર ને સાંજ હળી મળી ગળી
અંધારને વૈભવ જાય ઓગળી.
ક્ષણે ક્ષણે કૌતુકશી કણેકણે
અનન્ત–તાણે વણાતી પલેપલ.
સમીપ ઓ શી મલકે વિદૂરતા !
વિદૂર શી ઓ ઝલકે સમીપતા !
છલી રહે ભીતર–કોરી રિક્તતા.

==================================

# બળેલું પાન

વાડી ઝાડી-સમારીને, ઢગલા શુષ્ક પર્ણના
રચી સ્થળે સ્થળે, માળી ઊભો રાંક વિસામવા
બગલે લાકડી ટેકે, બીડીની ફૂંક તાણતો
ઉત્ફેંકે મોંભર્યા ગોટા–જાણે કશુંક માણતો;
ઝાંખર્યાં ઝાડની વચ્ચે અદકા કોક ઝાડશો,

અમસ્તી આંખ તાકતો.
ધુમાડો આકતા ત્યાં તો ઢગલા પ્રજળ્યા ચગ્યા,

ચગ્યા તેવા જ ક્ષણમાં ભોંધૂળે કજળી પડ્યા.
આખાં અર્ધાં બળ્યાં પર્ણો, ધૂળેટ્યાં છોકરાં સમાં,

ઊડતાં આમ ને તેમ રાખમાં રઝળી રહ્યાં;
તેમને ગેલગંભીરાં બાળકો કૌતુકી રહ્યાં;
બળેલાં તોય જે પર્ણો રહ્યાં આખાં અખંડિત
રેખેરેખ, રહી તાકી દેખાડે, ઉલ્લસે કશાં !

જોડી હથેળીમાં ઝાલી દગ્ધ પર્ણ અખંડ કો'
સાચવી ચાલતી કેવી વ્યંજના હૃદયાંજના !

'જુઓ ! જુઓ !" ટહુકતી મારી ઉદ્યાનમંડના.

જોયું મેં પર્ણ એ–ને શું દેખ્યું મૃત્યુ જ પર્ણનું ?

પેખ્યો મેં જીવનાલેખ મૃત્યુની રેખરેખમાં.

================================

## કૌતુક કરે, કૌતુક કરે

ઓ નન્દિની, મુજ પ્રાણની મુદસ્યંદિની !

નિરખી રહું હું તુજ વિશે તુજ જનનિની
મંદાકિની !
આજ તારો જન્મસિદ્ધ પ્રવશે વનમાં હો ભલે !
તારે હૃદય, મારે હૃદય કો' અગ્ર,
રે કો' વ્યગ્ર ભાવ હલેછલે !

સંસાર સંસરતો થયો તે બિન્દુથી તે થંભશે
જે બિન્દુએ,
શું કાળઝાળ કરાળ એ મર્માન્તને ઉચ્છેદતો
અંગારતો,

એ રક્તનીલ પ્રવાહ રૌદ્ર છતાંય રોચક ભાસતો,
શૂળપ્રોયાં ઝાંખરાં શતધાર ને શતવાર રૂહેતો

ઝીંકતો,
એ ઊર્ધ્વરોહણ વૃક્ષસોહન વેલમોહન
અદ્રિગહ્વરગર્જતો,

જીવન-પ્રપાતે લાસ્યલટકે વીજઝટકો વીંઝતો,
શું ના હતો શું ના હશે,

જોયો-સહ્યો ના જાય તોયે જે તજ્યો ન તજાય–
એવાં કામણો કરતો વિકટ વનના વિપુલ
વિસ્તાર શો
આકર્ષતો, અપકર્ષતો ?
સંસાર શું નિઃસાર ?
નિઃસારતાનો સાર શું સંચાર ?
પૂછું તને ! પૂછું મને !
કહું અન્ય આજે શું તને ?
રે આ શું ?–

તું તુજ બાલ્યમાં અણચિન્તી પાછી સંસરે ?
જો, પેલી ગ્રીષ્મબપોર પાછી અંકુરે મુજ અંતરે !

મારા હૃદયસલિલે સુનીલ સ્લીલ કમલા સંચરે !
છલછલ ભર્યાં જલપાત્ર મોટે હાથ નાને
ગેલતી તું સેલતી બેઠી હતી;
માને-મને સ્મિતછલક કલબોલે કશુંક કહેતી હતી;
શ્વેત પુષ્પલ દંતુડી કો' કવિત-રસ સ્ત્રવતી હતી !
બાલ તુજ સ્મિતલક્ષ્મીને શી અધિક એ
રસતી હતી !

એ સુખછલી ઝડપી ન યન્ત્રે કાચને !
એ સુખઘડી અમ તું અરે ક્યાંથી સ્મરે ?
પણ ચિત્ત મારું તારી એ સ્મૃતિલક્ષ્મીને

## કયમ વિસ્મરે ?

કો' અકથકથ શી તરબતર આજેય મારે અંતરે
કૌતુક કરે; કૌતુક કરે !

===================================

## જીવિત હો ભલે....!

લીલમલીલાં બાલતૃણોનું સરવર સાન્ધ્ય સમીરે
પેખી કો ભીતર મન્દ મનોરમ લીલા હીરવી લ્હેરે !

⇦

ફૂલ દેખી મારું ચિત્ત ચમત્કૃત
ફૂલફૂલ થઇ ફૂલે;
બાલનયનના નન્દનદર્પણે
અંતર વિસ્મિત હર્ષણવર્ષણે
બાલ બની જઇ ઝૂલે !
નીલમ રાગે,
ફૂલ સોહ્રાગે,
બાલનયન અણતાગે
લ્હેરવું, ફૂલવું, ઝૂલવું કાં નહિ
કોક સમે અણમૂલે ?
જીવિત હો ભલે ઝાંખર્યું પાખર્યું
શતશત તીક્ષણ શૂલે !

===============================

# વિષાદ જ પ્રસાદ હો

પૂજ્યનાં પૂજન કર્યાં, –ભર્યે હૃદય સત્કર્યાં !

અનર્ચ્ય ના કદી અર્ચ્યાં જાણીને વા તિરસ્કર્યાં.
દીપ-પ્રદીપ સ્થાપી મેં કીધ ચિત્ત સમુજ્જવલ;-

બૂઝયા એ–ચેતી ત્યાં ઊઠી આગ કેવી અમંગલ !

પારિજાતકને શાને ફૂટતાં શૂલકંટક ?

અપેક્ષી આમ્ર વાવેલાં ઊઠે શે થઇ બાવળ ?
સુગન્ધી કુંકુમેથી યે નીપજે કેમ કજ્જલ ?
ચોમેર જ રહે વ્યાપી જાણે નિર્જલ નિસ્તલ ?

દિનનિર્ગમનો શાને ગ્રસ્ત ત્રસ્ત પ્રલંબિત !

રજનીવહ્નો શાને ક્ષિપ્ત-વિક્ષિપ્ત ખંડિત !

પ્રાતર્ભવનમાં ક્યારે આરતી-ધૂપ મંગલ ?

કરું વિવિધ પેરે હું નિરોધ અવસાદનો,

ઓછાયો તો ય કાં ઘેરો રહે ઘેરી વિષાદનો ?

દૈવનિર્મ્યો દેવદીધો વિષાદ જ પ્રસાદ હો !

*****